# શહેરી સહકારી બેંકો માટે નીચે મુજબનું એક વિઝન ડોક્યુમેન્ટ

**આદરણીય શ્રી સતીષજી મરાઠે, ડાઈરેકટર, રિઝર્વ બેન્ક, દ્વારા શહેરી સહકારી બેંકો માટે નીચે મુજબનું એક વિઝન ડોક્યુમેન્ટ (૨૦૨૫-2030 અને ત્યાર પછી) તૈયાર કરવામાં આવ્યું છે. અહીં તેનું ગુજરાતીમાં ભાષાંતર કરીને દરેક બેન્ક તેનો અમલ કરી શકે તે હેતુ થી આપવામાં આવ્યું છે.**

**1. વિઝન સ્ટેટમેન્ટ (Vision Statement)**

**"સમાવેશી વૃદ્ધિ (**inclusive growth**), નાણાકીય સશક્તિકરણ (**financial empowerment**)** અને **ટકાઉ સમુદાય વિકાસ (**sustainable community development**) માટે પ્રતિબદ્ધ, વિશ્વસનીય, ટેકનોલોજી આધારિત અને સભ્યકેન્દ્રિત શહેરી સહકારી બેંક બનવું**

**2. મિશન સ્ટેટમેન્ટ (Mission Statement)**

a. સભ્યો અને ગ્રાહકોને આધુનિક, પરવડે તેવી અને નૈતિક બેંકિંગ સેવાઓ પ્રદાન કરવી.
b. સભ્યોમાં બચત, સ્વસહાય અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપવું.
c. કાર્યક્ષમ, પારદર્શક અને સુરક્ષિત બેંકિંગ કામગીરી માટે ડિજિટલ ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરવો.
d. નાના ઉદ્યોગસાહસિકો, પગારદાર વર્ગ અને સૂક્ષ્મ ઉદ્યોગો માટે ખાસ કરીને નાણાકીય સમાવેશ (Financial Inclusion) મજબૂત બનાવવો.
e. સહકારી મૂલ્યો સાથે સુસંગત, કુશળ (skilled), પ્રેરિત (Motivated) અને મજબૂત માનવ સંસાધન વિકસાવવું.

**3. મુખ્ય મૂલ્યો (Core Values)**

a. ઈમાનદારી **(Integrity):** ઈમાનદારી અને પારદર્શિતાથી વ્યવસાય કરવો.
b. **સભ્યોનું હીત (Member Centricity):** દરેક નિર્ણય સભ્યોના હિતને કેન્દ્રમાં રાખીને લેવો.
c. **સહકાર (Co-operation):** પરસ્પર વિશ્વાસ અને સામૂહિક વિકાસને પ્રોત્સાહન આપવું.
d. **નવિનતા (Innovation):** સેવાઓમાં સુધારા માટે ટેકનોલોજી અપનાવવી.
e. **સામાજિક જવાબદારી (Social Responsibility): સમાજ** કલ્યાણ અને ટકાઉ વિકાસને સમર્થન આપવું.
f. **સાવચેતી (Prudence):** મજબૂત નાણાકીય શિસ્ત અને જોખમ વ્યવસ્થાપન જાળવવું.

**4. વ્યૂહાત્મક ઉદ્દેશ્યો (2025–2030)**

**A. વ્યવસાય વૃદ્ધિ અને વૈવિધ્યકરણ**

a. થાપણ અને ધિરાણમાં સંતુલિત વિસ્તરણ દ્વારા વાર્ષિક 12%–15% વ્યવસાય વૃદ્ધિ હાંસલ કરવી.
b. MSME, આવાસ, સેવા અને રિટેલ ક્ષેત્રોમાં ધિરાણ પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવવું.
c. શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં વ્યાવસાયિક રીતે યોગ્ય શાખાઓ પર ભાર સાથે કાર્યક્ષેત્રનો પસંદગીપૂર્વક વિસ્તાર કરવો.

**B. ડિજિટલ રૂપાંતરણ**

a. અદ્યતન એનાલિટિક્સ સાથે સંપૂર્ણ સંકલિત કોર બેંકિંગ સિસ્ટમ અમલમાં લાવવી.
b. મોબાઇલ અને ઇન્ટરનેટ બેંકિંગ, UPI, NEFT, RTGS અને ડિજિટલ લેન્ડિંગ સુવિધાઓ પ્રદાન કરવી.
c. સાયબર સુરક્ષા માળખું અને ડેટા ગવર્નન્સ પ્રોટોકોલ સ્થાપિત કરવું.
d. ગ્રાહક સુવિધા અને કાર્યક્ષમતામાં વધારો કરવા ફિનટેક ભાગીદારીની શોધ કરવી.

**C. નાણાકીય મજબૂતી અને ગવર્નન્સ**

a. મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (CRAR) નિયમનકારી ધોરણોથી ઉપર જાળવવો.
b. આંતરિક નિયંત્રણ, જોખમ વ્યવસ્થાપન અને અનુપાલન (Compliance) પ્રણાલીઓને મજબૂત બનાવવી.
c. ઓડિટ, રોકાણ, ધિરાણ અને NPA વ્યવસ્થાપન માટે બોર્ડ દ્વારા મંજૂર નીતિઓ અપનાવવી.
d. સમયસર માહિતી જાહેર કરીને સભ્યો સાથે સંવાદ વધારી પારદર્શિતા દાખવવી.

**5.** પર્યાપ્ત **મૂડી અને નાણાકીય સ્થિરતા**

a. **મૂડી અને દીર્ઘકાળીન ભંડોળ એકઠું કરવું:** બેંક હંમેશા સારી રીતે મૂડી યુક્ત રહે તે માટે સુવ્યવસ્થિત મૂડી આયોજન માળખું અપનાવવામાં આવશે. શેર મૂડી અભિયાન, દીર્ઘકાળીન થાપણો, ટિયર–II બોન્ડ્સ અને સબઓર્ડિનેટેડ દેવા જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. નિયમનકારી લઘુત્તમથી વધુ CRAR જાળવી વિકાસ અને અનિશ્ચિત પરિસ્થિતિઓ માટે સુરક્ષા બફર બનાવવાનો હેતુ રાખવામાં આવશે.

b. **ટેકનોલોજી અપગ્રેડેશન રિઝર્વ:** CBS, આધુનિકીકરણ, સાયબર સુરક્ષા, મોબાઇલ બેંકિંગ પ્લેટફોર્મ અને ડેટા એનાલિટિક્સ માટે નફામાંથી દર વર્ષે અલગ ટેકનોલોજી રિઝર્વ રચાશે.

c. **ટેકઓવર અને** અમલગમેશન **માટે વિશેષ રિઝર્વ:** નાના અથવા સુસંગત સહકારી બેંકો સાથે વિલય/અમલગમેશન માટે વિશેષ વ્યૂહાત્મક રિઝર્વ બનાવાશે, જેથી લિક્વિડિટી અને નફાકારકતા પર અસર ન થાય.

d. **મૂડી અને આવક ખર્ચનું બજેટિંગ:** મૂડી ખર્ચ અને આવક ખર્ચ માટે મજબૂત બજેટિંગ પ્રણાલી અમલમાં મૂકવામાં આવશે. દરેક મોટા પ્રોજેક્ટ માટે ખર્ચ-લાભ વિશ્લેષણ અને બોર્ડ મંજૂરી ફરજિયાત રહેશે.

**6. માનવ સંસાધન વિકાસ**

a. તમામ સ્તરના કર્મચારીઓ માટે તેમની કાર્યક્ષમતાના વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકવા.
b. સહકારી સિદ્ધાંતો સાથે સુસંગત હોય તેવી કર્મચારીઓને કામગીરી આધારિત પ્રોત્સાહન યોજના લાવવી.
c. યુવા નેતૃત્વ અને સ્ત્રીઓને પણ મેનેજમેન્ટ તથા બોર્ડ સ્તરે પ્રોત્સાહન આપવું.

**7. સભ્ય અને ગ્રાહક સંલગ્નતા**

a. નાણાકીય સાક્ષરતા અને ડિજિટલ બેંકિંગ અંગેની જાગૃતિ માટે ખાતેદારો/સભ્યો માટે શિક્ષણ કાર્યક્રમો.
b. ખાતેદારો/સભ્યો તરફથી ફીડબેક અને સહકારિતાની જાગૃતિ માટે સમયાંતરે મિટિંગ યોજવી.

c. ફરિયાદ નિવારણ પ્રણાલી અને સમયાંતરે સમીક્ષાઓ દ્વારા ગ્રાહક સેવા ગુણવત્તા સુધારવી.

**8. સામાજિક અને પર્યાવરણીય જવાબદારી**

a. ગ્રીન બેંકિંગ (કાગળવિહિન પ્રક્રિયા, ઊર્જા કાર્યક્ષમ શાખાઓ) અમલમાં મુકવા પ્રોત્સાહિત કરવી.
b. શિક્ષણ, આરોગ્ય અને જીવન ધોરણ સ્તર વિકસાવવા માટે કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટોને સમર્થન આપવું.
c. બેંકિંગને લગતા Sustainable Development Goals (SDGs) સાથે સુસંગત હોય તેવી કામગીરી કરવી.

**9. દીર્ઘકાળીન લક્ષ્યો (2030 અને ત્યારપછી)**

a. પ્રદેશમાં અગ્રણી સર્વિસ અર્બન કોઓપરેટીવ બેન્ક તરીકે વિકાસ કરવો અને વ્યવસાયમાં 5 ગણી વૃદ્ધિ હાંસલ કરવી.
b. 80%થી વધુ વ્યવહારો વૈકલ્પિક ચેનલો- ઑલ્ટરનેટિવ ચેનલ દ્વારા કરીને ડિજિટલ ફર્સ્ટ મોડેલ અપનાવવો.
c. ટેકનોલોજી આધારિત મોનીટરીંગથી શૂન્ય ફ્રોડ અને ન્યૂનતમ NPA હાંસલ કરવું.
d. ગવર્નન્સ, નવિનતા અને સભ્ય સેવા માટે આદર્શ સહકારી બેંક તરીકે ઓળખ મેળવવી.

**10. અમલીકરણ અને દેખરેખ માળખું**

a. વ્યૂહાત્મક યોજના સમિતિ દ્વારા ત્રિમાસિક સમીક્ષા.
b. આ વિઝન દસ્તાવેજ પરથી વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરવી.
c. દરેક વિભાગ માટે KPI અને જવાબદારી સુનિશ્ચિત કરવી.
d. ખાતેદારો અને સભ્યોને કોમ્યુનિકેશન રિપોર્ટ તૈયાર કરી મોકલવા જેથી પારદર્શિતા રહે અને ગ્રાહકો બેન્ક સાથે જોડાયેલ રહે.

**11. નિષ્કર્ષ**

આ વિઝન દસ્તાવેજ શહેરી સહકારી બેંકને આધુનિક, સ્થિર અને સમુદાયકેન્દ્રિત (Community oriented) સંસ્થામાં રૂપાંતરિત કરવાની માર્ગરેખા આપે છે. સહકારી મૂલ્યો, ડિજિટલ ઇનોવેશન, પૂરતી મૂડી અને સાવચેત નાણાકીય વ્યવસ્થાપનનું સંયોજન કરીને બેંક “ઈન્ક્લુઝિવ અર્બન ગ્રોથ” માં યોગદાન આપશે અને ભારતના નાણાકીય ક્ષેત્રમાં સહકારી આંદોલનને મજબૂત બનાવશે.

**વિઝન ડોક્યુમેન્ટ**

**2025 – 2030**

**[શહેરી સહકારી બેંકનું સંપૂર્ણ નામ]**

મુખ્ય કાર્યાલય: [શહેરનું નામ]
સ્થાપના વર્ષ: [વર્ષ]

*વિશ્વાસ • સહકાર • ટેકનોલોજી*

**સહકારી મૂલ્યો સાથે ડિજિટલ ભવિષ્ય તરફ- સભ્યો સાથે -સભ્યો માટે સહકારથી સશક્તિકરણ તરફ**

( Trust | Growth | Innovation | Inclusion)